**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૯/૦૬/૨૦૧૬ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૫૦૦ લીટર દેશી દારૂ, ૧૩ ઈંગ્લીશ દારૂ, ૭૮ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૪/૧૬**

**ખોખરાઃ** હીનાબહેન રજનીકાંત દીક્ષીત (ઉ.વ૩૦) (રહે. સૌંદર્યપાર્ક સોસાયટી મેથોડીસ્ટ ચર્ચની સામે મ્યુ.સ્લમ કવાર્ટરની બાજુમાં ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૫/૧૬ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે આરોપી ગોપાલભાઈ ઉર્ફે ધીરૂભાઈ આહીર (રહે. સૌંદર્યપાર્ક સોસાયટી ખોખરા) એ ખોટો શકવહેમ રાખી હીનાબહેન ઉપર કેરોસીન છાંટી દીવાસળી ચાપી મારી નાખવાની કોશિશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી એમ ચૌહાણ ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૫/૧૬**

**એલીસબ્રીજઃ** વિજય રાધાક્રિષ્ણ પાંડે (ઉ.વ.૩૮) (રહે.ચંદ્રીકાવિહાર એપાર્ટમેન્ટ હોમ સાયન્સ કોલેજ રોડ નેપીયર ટાઉન જબલપુર મધ્યપ્રદેશ) એ તા.૮/૬/૧૬ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૩/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે યુનિટી કન્સલ્ટીંગ ઓફીસ સેફાલી સેન્ટર બોની ટ્રાવેલ્સની પાસે પાલડી ચાર રસ્તા ખાતે આરોપી (૧) મહેશ અને (૨) રાજ (બન્નેના પુરા નામ સરનામાની ખબર નથી) એ ભેગા મળી જમૈકાના વિઝા કરાવી આપવાનુ કહી વિજય પાંડે પાસેથી ઓરિજીનલ પાસપોર્ટ અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મેળવી લઈ વિઝા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી એન ખોખર ચલાવે છે.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૬/૧૬**

**શહેરકોટડાઃ** નિર્મળાબહેન રમણભાઈ પરમાર (રહે.જજા કેશવની ચાલી બોમ્બે હાઉસીંગ સામે સરસપુર) એ તા.૮/૬/૧૬ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૫/૧૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી મિત્તલને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ એમ ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>ઘરફોડઃ</u> <u>**સમાચાર યાદી નં.૧૦૬૭/૧૬**</u>

ગોમતીપુરઃ **વિપુલકુમાર અમ્બાલાલ શાહ (રહે. અંજલી રેસીડેન્સી સેન્ટમેરી સ્કુલની સામે નવાનરોડા) એ** ગોમતીપુર પોલીસ સ્ટેશન **ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૫ થી તા.૬/૬/૧૬ કલાક ૭/૧૫ વાગ્યા સુધીના સમય ગાળા દરમ્યાન ગોમતીપુર** રાજપુર શાળા નં ૧૧ સ્કુલની ઓફીસના દરવાજાનો નકુચો ખોલી અજાણી વ્યક્તિ ઓફિસમાં પ્રવેશ કરી ચાવી લઇ બીજા રૂમો ખોલી પુસ્તકો સેટ નંગ-૧૦૦ અને સિલાય મશીનો નંગ-૮૨ કિમત રૂપિયા ૧૮૦૦૦/- મતાની **ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની** તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.રાઠવા ચલાવે છે.

**વટવાઃ** અજયભાઈ મધુભાઈ કુઢીયા (રહે.વસંતવિહાર સોસાયટી નારોલ કોર્ટની સામે નારોલ) એ તા.૮/૬/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ફરીયાદ નોધાવી છે કે તા.૪/૬/૧૬ રાતના ૧૦/૦૦ થી તા.૫/૬/૧૬ કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એસ પટેલ ચલાવે છે.

<u>**ચોરીઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૧૦૬૮/૧૬**</u>

**સેટેલાઈટઃ** કલ્પનાબહેન પ્રકાશભાઈ શાહ (ઉ.વ.૩૯) (રહે.મહેશ્વરી ન્યુકોર્ટની સામે માણસા તાલુકો જીલ્લો ગાંધીનગર) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ફરીયાદ નોધાવી છે કે તા.૮/૬/૧૬ બપોરના ૩/૧૫ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન સ્ટારબજાર બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડથી બસમાં બેસી શિવરંજની બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ સુધીની મુસાફરી દરમ્યાન ત્રણ અજાણી છોકરીઓએ કલ્પનાબહેનની નજર ચુકવી કલ્પનાબહેનના થેલામાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ બી ઝાલા ચલાવે છે.

<u>**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૧૦૬૯/૧૬**</u>

**“જી” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** તુલશાબહેન શંકરભાઈ ગાયકવાડ (ઉ.વ.૪૫) (રહે.એ વોર્ડ કેકાડીવાસ કુબેરનગર) તા.૫/૬/૧૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે નેશનલ હાઈવે નંબર-૮ નરોડા પાટીયાથી નરોડા બેઠક રોડ ઉપર આવેલ સુતલુજ હોટલ નજીકથી રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે મોતર સાયકલ નંબર જીજે ૧ જેવી ૭૮૩૫ ના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવતાં, તુલશાબહેનને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં તા.૮/૬/૧૬ રાતના ૧૦/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર તુલશાબહેનના પુત્ર ગણેશભાઈ શંકરભાઈ ગાયકવાડે “ જી ” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી ડી ચૌધરી ચલાવે છે.

<u>**આત્મહત્યાઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૧૦૭૦/૧૬**</u>

**રિવરફ્રંટ ઈસ્ટઃ** કલ્પેશ ઉર્ફે કલ્લુ મોતીલાલ પરમાર (ઉ.વ.૨૪) (રહે.કે જે કડીયાની ચાલી બળીયા લીમડા) એ તા.૮/૬/૧૬ સાંજના ૭/૪૫ વાગ્યા પહેલા સુભાષબ્રીજ નીચે દશામાના મંદિર નજીક નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિહ જવાનસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)